दिव्य भास्कर

Vapi 3 December, 2019

# ધરમપુર શ્રીમદ્દ રાજચંદ્ર સેન્ટરમાં દિવ્યાંગોને અપાતી આધુનિક ટ્રીટમેન્ટ

## સેવા જોઈ કેન્દ્ર સરકારે મોડેલ સેન્ટર જાહેર કર્યું હતું

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર

શ્રીમદ્દ રાજચંદ્ર મિશન, ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી સમગ્ર વલસાડ જિલ્લાને દિવ્યાંગતામુક્ત બનાવવાના ધ્યેય સાથે કાર્યરત શ્રીમદ્દ રાજચંદ્ર દિવ્યાંગ સેન્ટર દિવ્યાંગ બાળકો માટે આશીર્વાદરૂપ પ્રતીત થઈ રહ્યું છે. આ સેન્ટરને કેન્દ્ર સરકારે મોડેલ સેન્ટર જાહેર કર્યું છે. અહીં શારીરિક, માનસિક અસક્ષમતાની સારવાર પ્રેમપૂર્વક વિવિધ પ્રકારની અદ્યતન થેરેપીના સથવારે આપવામાં આવી રહી છે. અને વિશિષ્ટ ઓર્થોપેડિક સર્જરીઓ કરવામાં આવે છે. લાંબા ગાળાની પ્રક્રિયાને લઈ દર્દી અને તેમના પરિવારને રહેવા અને ભોજનની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે.

## દિવ્યાંગ માટે કેમ્પ યોજી સાધનનું વિતરણ

વિશિષ્ટ ક્ષમતા ધરાવતા મિત્રોને સ્વાવલંબી બનાવી જીવન જીવવા માટે ઉત્સાહ વધારવા અવારનવાર દિવ્યાંગ સાધન સહાય કેમ્પ યોજી વ્હિલ ચેર, સેરેબલ પાલ્સી માટેની ખાસ ચેર, ટ્રાઈસીકલ્સ, ઘોડી કુત્રિમ પગ, વોકર,હીયરીંગ એઈડ વગેરે કુત્રિમ અવયવો, સહાયક ઉપકરણો વિનામૂલ્યે આપવામાં આવી રહ્યા છે.

## સ્પેશિયલી એબલ્ડ નામક ક્લબની સ્થાપના

દિવ્યાંગોને અન્ય સભ્યો સાથે પોતાના અનુભવોનું આદાનપ્રદાન અને જીવન ઉત્થાનની વિવિધ પ્રવૃતિઓ માટે શ્રીમદ્દ રાજચંદ્ર ફેલોશીપ ફોર ધ સ્પેશિયલી એબલ્ડ નામક ક્લબની સ્થાપના પણ કરવામાં આવી છે. દિવ્યાંગોની સારવાર માટે એકજ છત્ર હેઠળ દરેક પ્રકારના બાળરોગ નિષ્ણાંત સેવા આપી રહ્યા છે.

## સારવાર બાદ બે જોડિયા બાળકો ચાલતા થયા

ઉમરગામના બે જોડિયા બાળકો પ્રેમ અને પ્રિયાનું વર્ષ 2014માં શ્રીમદ્દ રાજચંદ્ર દિવ્યાંગ સેન્ટરમાં સેરેબલ પાલ્સી હોવાનું નિદાન થયું હતુ. વિવિધ થેરાપીસ્ટ દ્વારા સારવાર કરી દૈનિક ક્રિયાઓ જાતે કરી શકે તે માટે સક્ષમ બનાવ્યા. અને અહીં અપાતી નિરંતર થેરપીઓ અને સર્જરીઓ બાદ હવે પ્રિયા આધાર વિના બેસી શકે છે. જાતે હરી ફરી શકે તે માટે તેઓને પાવર્ડ સ્ટેન્ડર અને વ્હિલચેર અપાઈ છે.